# હોદ્દાઓની હોડ છોડી રાજકીય સંન્યાસ તરફ બાપુ

## વિપક્ષી નેતાના કાર્યભારમાંથી મુક્ત કરવા અને પક્ષની સાથે કાયમ હોવાની ખાત્રી બાપુએ પક્ષના વરિષ્ટોને કહી હોવાની અટકળો

ગાંધીનગર, તા. ૩૧

હોદ્દાઓની હોડ છોડી હવે રાજનીતિમાંથી ક્ષેત્ર સંન્યાસ તરફ કોંગ્રેસના દિગ્ગજ નેતા અને વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલા આગળ વધી રહ્યા હોવાના સંકેતો પાટનગરના રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો બન્યા છે.

દિલ્હી ગયેલા શંકરસિંહજી વાઘેલાએ તેમની આ કોંગીના વરિષ્ઠો સાથેની બેઠકમાં વિપક્ષી નેતાપદેથી આપેલા રાજીનામાનો સ્વીકાર કરવાનો આગ્રહ કહી પક્ષે તેમની કરેલી વિવિધ કદરો સાથે આભારની લાગણી વ્યક્ત કરી હતી. તેમજ તેમણે પક્ષ નહિ છોડવાની જાહેરાત સાથે તેઓ આજે પણ કાયમ હોવાની ખાત્રી આપી હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

જો કે વાઘેલાએ ચીનના પ્રવાસે જતા પહેલાં વિપક્ષી નેતા તરીકે રાજીનામુ મોકલી આપ્યાનું પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

આ ચર્ચાને વર્તુળો તેમણે બાયડમાં કરેલી જાહેરાત સાથે સાંકળી જણાવે છે કે તેમણે તે વખતે જ કહ્યુ હતુ કે બહુ હોદ્દા ભોગવ્યા, બહુ ચૂંટણીઓ લડ્યા હવે સમાજોપયોગી કાર્યમાં વ્યસ્ત થવુ છે.

આ પછી તેમણે પોતાના ટ્વીટર એકાઉન્ટમાંથી ભાજપ સામેની કોમેન્ટો દૂર કરી સૌને અનફોલો કર્યા હતા.

રાજકીય અટકળો વચ્ચે દિલ્હી ગયેલા બાપુએ તેમને હવે હોદ્દાની કોઈ લાલચ નથી એટલુ જ નહિ ચૂંટણી વિશેની કોઈ નવી જવાબદારીઓ સ્વીકારવાનો પણ ઈન્કાર કર્યો હોવાની ચર્ચાઓ આજે રાજકીય વર્તુળોમાં થતી સાંભળવા મળી હતી.

શંકરસિંહ વાઘેલાએ હમણાં તો મૌન રહેવાનો માર્ગ પસંદ કર્યો છે પણ નારાજગી જે છે તે છતી નથી કરી. જો કે તેમણે આજે પણ પક્ષના મોવડીઓને પોતે પક્ષના શિસ્તબદ્ધ કાર્યકર તરીકેની તમામ ફરજો બજાવશે તેમ પણ કહ્યુ હોવાનું જાણવા મળેલ છે.

વાઘેલા ખરેખર રાજકીય સંન્યાસ તરફ આગળ વધી રહ્યા છે કે કેમ ? તેને લઈ પણ હવે ચર્ચાઓ શરૂ થઈ છે. જો કે તેમના નિકટવર્તી સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે તેઓ છેલ્લા કેટલાક સમયથી તેમની શૈક્ષણિક સંસ્થાઓના સંચાલન અને સંકલનમાં વધુ પ્રવૃત્ત થયા છે. તેઓ સામાજિક પ્રવૃત્તિઓમાં વધુ સક્રિયતા સાથે આગળ વધી રહ્યા છે.

હવે તો સમય જ અન્ય પ્રશ્નોના ઉત્તરો આપશે તેમ રાજકીય વર્તુળોનું માનવુ છે. બાપુએ વિપક્ષી નેતાના કાર્યભારમાંથી મુક્ત થવાની વ્યક્ત કરેલી ઈચ્છા પર મોવડીમંડળ શું વિચારે છે તેની પર હવે રાજકીય નિષ્ણાતોની નજર મંડાયેલી છે.



# સે-૧૨ જ-૨ કક્ષાના ત્રણ બ્લોકના રીનોવેશનનુ કામ અધુરુ છોડી દેવાયુ

## બ્લોકના રીનોવેશન પાછળ લાખોના ખર્ચ પર પાણીઢોળ : બારી બારણા પણ ખુલ્લા : મકાનો આસપાસ રખડતા ઢોર અને ગંદકીનુ સામ્રાજય : છેલ્લા એક વર્ષથી કામ બંધ : ગેસ ,ગટર અને ઇલેક્ટ્રીક લાઇન પણ નથી : રહીશો પરેશાન

ગાંધીનગર તા ૩૧

શહેરમાં સરકારી આવાસોની હાલત દિનપ્રતિદિન ખંડેર બનતી જાય છે. બિહામણા ભાસતા સરકારી આવાસો રહેણાંકને લાયક ન હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. જયારે સરકારી આવાસોના તબક્કાવાર મજબુતીકરણની યોજનાનુ કામ પણ મંદ પડી જતા હાલ જુદી જુદી કક્ષાના મકાનો ભયજનક હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જયારે બીજીતરફ રીનોવેશનનુ કામ પણ અધુરી છોડી દેવાતા સ્થાનિક નાગરિકો માટે નવી સમસ્યાઓ ઉભી થઈ છે. સે-૧૨ માં જ-૨ કેટેગરીના ત્રણ બ્લોકના રીનોવેશનનુ કામ છેલ્લા એક વર્ષથી અધુરુ છોડી દેવાતા હાલ આ મકાનોમાં રખડતા ઢોર તેમજ ગંદકીનુ સામ્રાજય છવાયેલુ છે. આવાસોના બારી બારણા પણ ખુલ્લી હાલતમાં છે. જયારે બાંધકામનો કાટમાળ પણ જગ્યા પર યથાવત છે. આવા સંજોગોમાં આસપાસના રહીશો માટે પણ મુંઝવણભરી સ્થિતિ સર્જાઇ છે. આવાસ રીનોવેશનની કામગીરીમાં ભ્રષ્ટાચાર થતો હોવાના આક્રોશ સાથે તંત્રની લાપરવાહીથી પણ સેકટરોના રહીશો પરેશાન છે.

શેહરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નંખાયા બાદ હજુ પણ સેકટરોમાં ભયજનક આવાસો યથાવત છે. સેકટરોમાં વિવિધ કેટેગરીના આવાસો જોખમી હોવાનુ સ્પષ્ટ થતા તંત્ર દ્વારા તબક્કાવાર જોખમી મકાનો તોડી નાંખવાનુ કામ પણ હાથ ધરવામાં આવે છે. જયારે બીજીતરફ રીનોવેશનની કેટેગરી હેઠળ આવતા આવાસોના મજબુતીકરણનુ કામ પણ અટવાયેલુ છે.



રીનોવેશનની મંદ કામગીરીના લીધે સ્થાનિક રહીશો આમ પણ પરેશાન છે. ત્યારે તંત્ર દ્વારા સેકટરોના કેટલાક બ્લોકમાં મજબુતીકરણનુ કામ પણ અધુરુ છોડી દેવાયુ છે. સે-૧૨ માં જ-૨ કેટેગરીના મકાનોના રીનોવેશનનુ કામ હજુ પણ પુર્ણ કરવામાં આવ્યુ નથી. એટલુ જ નહીં પરંતુ એકબાજુ સરકાર નિર્મળ નગરના અભિયાનને વેગ આપવા માટે લોકજાગૃતિ કેળવવાના પ્રયાસો કરી રહી છે. ત્યારે સરકારી આવાસો જ ગંદકીનુ ઉદભવ સ્થાન બન્યા છે. સે-૧૨ માં બ્લોક નં-૭૬,૭૭ અને ૭૯ ના મજબુતીકરણની કામગીરીમાં છેલ્લા એક વર્ષથી બ્રેક વાગી ગયો છે. બ્લોકના મકાનોને બારી બારણા પણ નથી લગાવાયા જયારે ગટર, ગેસ અને ઈલેક્ટ્રીક લાઈનના પણ ઠેકાણા નથી. બારી બારણાને તાળા પણ નથી . જયારે રખડતા ઢોર પણ આ ઠેકાણે અડ્ડો બનાવ્યો છે. કંગાળ આવાસોની કાયાપલટ કરવા લાખોના



● અનુસંધાન પાન-૭ પર

# કલેક્ટર કચેરીમાં ૧૧ નાયબ મામલતદારોની બદલીના હુકમો

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લા કલેક્ટરે વિધાનસભાની આવી રહેલી ચૂંટણીઓ તેમજ ચોમાસાની ઋતુને ધ્યાને રાખી ૧૧ જેટલા નાયબ મામલતદારોની બદલીના હુકમો કર્યા છે.

બદલીના કરાયેલા આ હુકમોમાં કે.જે. પંડ્યાને દહેગામ ઈ. ધરામાંથી બદલી ના.મા. મતદાર યાદી તરીકે મુકવામાં આવેલ છે. એમ.બી. દરજી ના.મા. કલોલને ના.મા. ઈ. ધરા દહેગામ તરીકે, એમ.એ. પરમારને ના.મા. ઈ. ધરા કલોલને મતદાર યાદી ના.મા. તરીકે, કે.બી. બારીયાને કલેક્ટર કચેરીથી બદલી ના.મા. ઈ.ધરા કલોલ તરીકે, પી.વી. ગોહિલને સર્કલ ઓફિસર દહેગામને બદલી એ.ટી.વી.ટી.ના ના.મા. તરીકે કલેક્ટર કચેરીમાં, શ્રીમતિ સી.જે. પટેલને સર્કલ ઓફિસર (મનપા)ને બદલીને ઝોનલ ઓફિસર ગાંધીનગર મામલતદાર કચેરીમાં મુકવામાં આવ્યા છે.

આ ઉપરાંત પી.એસ. શિહોરાને કલેક્ટર કચેરીમાંથી બદલી સર્કલ ઓફિસર (મનપા) કે.એ. શિકારી ના.મા. (ગણોત)ને બદલી સર્કલ ઓફિસર (જ.ફા.)માં, એમ.ડી. પટેલ સર્કલ ઓફિસર (જ.ફા.)ને બદલી ના.મા. વસુલાત મામલતદાર કચેરી ગાંધીનગર, ડી.આઈ. રાઓલ ના.મા. ઈ. ધરા દહેગામને બદલી ના.મા. (ગણોત) તરીકે તેમજ પ્રતિનિયુક્ત પરથી પરત આવેલ શ્રીમતિ ડી.જે. પંડ્યાને ના.મા. (સ.સુ.) તરીકે પ્રાંત કચેરી ગાંધીનગર ખાતે મુકવામાં આવેલ છે.

આ ઉપરાંત ૪ તાલુકામાં ના.મા. સંવર્ગના અધિકારીઓને ચોમાસા અંગેની જવાબદારી વધારાના ચાર્જ તરીકે સોંપવામાં આવી છે.

# જિલ્લાના કલોલ-માણસામાં કુમાર કરતાં કન્યાઓ વધુ પ્રવેશપાત્ર

## તંત્ર દ્વારા કરાયેલા સર્વેમાં તારણ : જિલ્લાના ચારેય તાલુકામાં એક અંગ્રેજી માધ્યમની પ્રા. શાળા સરકાર શરૂ કરશે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં માણસા અને કલોલ તાલુકામાં આ વર્ષે કુમાર કરતાં કન્યાઓ વધુ શાળા પ્રવેશ મેળવશે. જિલ્લામાં ૧૪ હજારથી વધુ બાળકો પ્રવેશોત્સવમાં પ્રવેશ મેળવશે.

રાજયના તમામ તાલુકાઓમાં એક અંગ્રેજી માધ્યમની પ્રા. શાળા પણ આ વખતે સરકાર દ્વારા પ્રવેશોત્સવ દરમ્યાન કાર્યરત કરવામાં આવશે.

જિલ્લામાં ૮,૯, ૧૦ દરમ્યાન યોજાનાર શાળા પ્રવેશોત્સવ અંગેની તૈયારીઓ તંત્રએ હાથ ધરી છે. તંત્ર દ્વારા કરાયેલ સર્વેમાં આ વખતે ૧૪,૧૦૭ બાળકો પ્રવેશપાત્ર છે.

આ વેળાએ માણસા અને કલોલ તાલુકામાં કુમાર કરતાં કન્યાઓ વધુ પ્રવેશપાત્ર સર્વે દરમ્યાન જણાઈ આવી છે. માણસામાં ૧૯૧૭, કલોલમાં ૩૧૫૭, ગાંધીનગરમાં ૫૨૩૨ અને દહેગામમાં ૩૮૦૧ બાળકો પ્રવેશપાત્ર જણાયા છે.

મળતી વિગતો પ્રમાણે આજે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પ્રવેશોત્સવને લઈ ખાસ બ્રિફિંગ અધિકારીઓને કરવાના છે.

જિલ્લામાં જે પ્રવેશપાત્ર બાળકો મળી આવ્યા છે તેમાં ૩૩ વિકલાંગ બાળકો છે તો ૧૬૭૦ બી.પી.એલ. પરિવારના બાળકો હોવાનું પણ જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આજે બ્રિફીંગ દરમ્યાન સરકાર દરેક તાલુકામાં એક પ્રા. શાળા અંગ્રેજી માધ્યમની શરૂ કરવાની મહત્વની જાહેરાત કરાશે. આ માટે દરેક જિલ્લાઓમાં દરખાસ્ત પણ મંગાવી દેવામાં આવી હતી છે.

જિલ્લામાં જે ૧૪ હજારથી વધુ પ્રવેશપાત્ર બાળકો મળ્યા છે તેમાં ૭૧૬૯ કુમાર અને ૬૯૩૮ કન્યાઓનો સમાવેશ થાય છે. સૌથી વધુ પ્રવેશપાત્ર બાળકો ગાંધીનગર તાલુકામાંથી સર્વે દરમ્યાન મળી આવ્યા છે. ગાંધીનગર તાલુકામાં ૨૭૬૪ કુમાર અને ૨૪૯૮ કન્યા સાથે ૫૨૩૨ બાળકો માણસામાં ૯૫૦ કુમાર અને ૯૬૭ કન્યા સાથે ૧૯૧૭ બાળકો કલોલમાં ૧૫૪૧ કુમાર અને ૧૬૧૪ કન્યા સાથે કુલ ૩૧૫૭ બાળકો તેમજ દહેગામમાં ૧૯૪૨ કુમાર અને ૧૮૫૯ કન્યા સાથે ૩૮૦૧ બાળકો પ્રવેશ પાત્ર મળી આવેલ છે.

# જુના સેકટરોનાઆંતરિક માર્ગોના થાગડ થીગડનુ કામ શરૂ

## જુના સેક્ટરોમાં ત્રણ વર્ષ અગાઉ જ માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી હતી : નિયત સમય કરતા પહેલા જ માર્ગો પર ગાબડા અસ્તિત્વમાં આવતા એજન્સીને નોટીસ

ગાંધીનગર તા ૩૧

શહેરના જુના સેકટરોમાં ચોમાસા પુર્વે માર્ગોને થાગડ થીગડ કરવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જુના સેકટરોના આંતરિક માર્ગોનુ કામ ત્રણ વર્ષ અગાઉ પુર્ણ કરવામાં આવ્યુ હતુ. પરંતુ નિયત સમય પુર્વે જ માર્ગો પર ગાબડા અસ્તિત્વમાં આવતા તંત્ર દ્વારા જવાબદાર એજન્સીને નોટીસ આપવામાં આવી હતી. જેના અંતે એજન્સી દ્વારા માર્ગોને થીગડા મારવાનુ કામ શરૂ કરવામાં આવ્યુ છે. જો કે ચોમાસાના અંતે નગરના સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાશે.

શહેરમાં હાલ જુના અને નવા સેકટરોમાં માર્ગોની હાલત બદતર છે. સેકટરોના આંતરિક માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. જેના લીધે સેકટરવાસીઓ પરેશાન છે. છેલ્લા ઘણાં સમયથી માર્ગો સુધારણાનુ કામ હાથ ધરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. જયારે માર્ગોની સુધારણા માટે માર્ગ મકાન મંત્રી દ્વારા બજેટ પણ ફાળવી દેવામાં આવ્યુ છે. પરંતુ ચોમાસુ નજીકમાં હોવાથી હજુ સેકટરોના આંતરિક માર્ગોનુ કામ શરૂ થતા ત્રણ મહીનાનો સમય લાગે તેમ છે. નવા સેકટરોમાં પણ માર્ગોના રીસરફેસીંગનુ કામ પાંચ વર્ષ અગાઉ હાથ ધરાયુ હતુ. જેના અંતે હાલ માર્ગોની દશા ખરાબ છે.

જયારે જુના સેકટરોમાં ત્રણ વર્ષ અગાઉ માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. પરંતુ નિયત સમય પહેલા જ માર્ગો પર ગાબડા અસ્તિત્વમાં આવતા તંત્ર દ્વારા જવાબદાર એજન્સીને નોટીસ આપવામાં આવી હતી. જયારે વિભાગના સચિવ કક્ષાએ પણ માર્ગોની હાલત સુધારવા માટે સુચના આપવામાં આવી હતી. જેના અંતે તંત્ર દ્વારા એજન્સીને નોટીસ પણ આપવામાં હતી. જયારે એજન્સીના ખર્ચે જ આ ઉબડ ખાબડ માર્ગોને ચોમાસા પહેલા યોગ્ય કરવા જણાંવાયુ હતુ. જયારે હાલ સે-૨૨,૨૯,૨૧, અને સે-૩૦ માં માર્ગો પરના ગાબડા પુરવા માટે તંત્ર દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી છે. ચોમાસા દરમિયાન વરસાદી પાણીનો ભરાવો ન થાય તેમજ આમ નાગિરકોને હાલાકી ન વેઠવી પડે તે માટે માર્ગો પર થાગડ થીગડ કરવામાં આવી રહયુ છે. જયારે ચોમાસા બાદ સેકટરોના આંતરિક માર્ગોના નવિનીકરણનુ કામ હાથ ધરાશે.

# પેટા-ચૂંટણીઓની સાથે જિલ્લામાં આજથી ગ્રામસભા અભિયાન

## જિલ્લામાં માત્ર ૧૮૭ ગામોમાં જ ગ્રામસભા યોજાશે : ૧૧૬ ગામોમાં પેટા-ચૂંટણીઓ છે : ૪૯ લાયઝન અધિકારીઓ નિમાયા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં પંચાયતોની પેટા-ચૂંટણીઓની સાથે જ ગ્રામસભા અભિયાન આજથી શરૂ થઈ રહ્યુ છે. જે ૭મી જૂન સુધી ચાલશે.

જિલ્લામાં ૧૮૭ ગામોમાં ગ્રામ સભાઓના આયોજનને આખરી ઓપ આપી દેવાયો છે. જેમાં માણસાના ૫૦, કલોલના ૪૧, ગાંધીનગરના ૩૪, દહેગામના ૫૨ ગામોમાં આ ગ્રામસભાઓ યોજાશે.

ગ્રામસભા અભિયાન માટે જિલ્લા કક્ષાએથી ૪૯ લાયઝન અધિકારીઓ તો તાલુકા કક્ષાએથી ૪૩ જેટલા લાયઝન અધિકારીઓની નિયુક્તી કરવામાં આવી છે.

આ ગ્રામસભામાં રાષ્ટ્રીય અન્ન સલામતિ યોજના તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજના અંગે લોકોને સમજૂત કરી તે અંગેની વિશેષ ચર્ચાઓ કરવાની રહેશે. ગ્રામસભા અભિયાનમાં રજુ થયેલા પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ લાવવાના પ્રયાસો પણ લાયઝન અધિકારીએ કરવાના રહેશે. જે પ્રશ્નોનો ઉકેલ ન આવે તે અંગે અલગથી પોતાનો અહેવાલ આપવાનો રહેશે.

ગ્રામસભા અભિયાન અંગે તાલુકા કક્ષાએ તે જ દિવસે કાર્યવાહી નોંધ તલાટીએ તૈયાર કરી મોકલી આપવાની રહેશે. આ અભિયાન પંચાયત અધિનિયમની જોગવાઈ અનુસાર કરવામાં આવી રહ્યું છે. જિલ્લામાં એક તરફ પંચાયતોની પેટા-ચૂંટણીઓ યોજાઈ રહી છે ત્યારે આ અભિયાને રાજકીય વિવાદ પણ છેડાયો છે એટલુ જ નહિ ખેડૂતો હાલ ખેતીની તૈયારીમાં વ્યસ્ત હોવાથી અભિયાન ન હાથ ધરવાની વાતો પણ કોંગ્રેસ પક્ષ દ્વારા કરવામાં આવી છે.

## બેસણું



અમારા માતૃશ્રી **અનસૂયાબેન દિનમણીશંકર (દિનુભાઈ) વ્યાસ** (ચાણસ્માવાળા)નું અવસાન તા. ૨૭/૫/૨૦૧૭, શનિવારના રોજ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧/૬/૨૦૧૭, ગુરૂવારના રોજ સવારે ૮ થી ૧૧.૩૦ દરમિયાન** રાખેલ છે.

**સ્થળ : શ્રી સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સેવા સમાજ વાડી, સેક્ટર-૭/સી, પોલીસ ચોકીની સામે, ગાંધીનગર**

**અનિલભાઈ ડી. વ્યાસ**
(નિવૃત્ત સેક્શન અધિકારી, સચિવાલય, ગાંધીનગર)
**યોગેશ ડી. વ્યાસ**
(આર.એમ.સી., રાજકોટ)
**ભરત ડી. વ્યાસ**
(કે.એ.પી.એસ., અણુમાલા, જિ. તાપી)

પ્રેરણા વિદ્યાલયનું ગૌરવ
વર્ષ-૨૦૧૭, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૮૮.૨૩%
શાળા પરિવાર વતી દરેક વિદ્યાર્થીને હાર્દિક અભિનંદન
પ્રેરણા વિદ્યાલય, સેક્ટર-૫ એ, ગાંધીનગર
પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક, ઉ. માધ્યમિક વિભાગ
● કેજીથી ધોરણ-૧૨ના વર્ગોમાં પ્રવેશ ચાલુ છે.
સત્વરે વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી લેવો

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com